# મધ્યાહ્ન ભોજન યોજનાના કર્મચારીઓની ધીરજ હવે ખૂટી છે

ગાંધીનગર, તા.૧૦

ગુજરા રાજય મધ્યાહન યોજના કર્મચારી મહામંડળમાં સંચાલક રસોઈયા અને મદદનીશો છેલ્લા ૨૭ વર્ષથી ૧૦૦૦ રૂ.ના સામાન્ય વેતન દરથી નોકરી કરી રહ્યા છે. એક લાખ કર્મચારીઓમાં ૬૦ હજારથી ય વધારે મહિલા કર્મચારીઓ છે. જેઓએ પોતાના પ્રશ્નોની રજૂઆત અને સમાધાન માટે ગાંધી ચિંધ્યો માર્ગ અપનાવી ઉપવાસ ઉપર બેઠા હતા પણ તેમને ૩૮૨ દિવસ થયા છતાં આજ દિન સુધી કોઈ અધિકારી, મંત્રી કે સદભાવક છાવણી ઉપર આવ્યો નથી ને પ્રશ્નોને સાંભળ્યા નથી! જેની સામે મહામંડળ ૧૫મી મે ૨૦૧૨ના રોજ બપોરે ૧ કલાકે પથિકાશ્રમ ઉપવાસી છાવણી, ગાંધીનગર મુકામે મહારેલી યોજાશે. જેમાં વિશાળ સંખ્યામાં કર્મચારીઓ જોડાશે.

મધ્યાહન ભોજન યોજના ગુજરાત સરકારમાં ૧૯૮૪થી શરૂ છે. જેમાં રસોઈયા અને મદદનીશો છેલ્લા ૨૭ વર્ષથી ૧૦૦૦ રૂ.ના વેતન દરથી નોકરી કરી રહ્યા છે. એક લાખ કર્મચારીઓમાં આર્થિક રીતે પછાત વર્ગના તથા અનુસૂચિત જાતિ અનુ. જનજાતિ અને બક્ષીપંચના કર્મચારીઓ મોટા ભાગે છે. એમાંય ૬૦ હજાર ઉપરાંત મહિલા કર્મચારીઓ કામ કરે છે. કેટલીક વિધવા ત્યકતા અને નિરાધાર મહિલાઓ છે. અતિશય મોંઘવારીમાં જીવવા માટે ૧૦૦૦ રૂ.નું વેતન કોઈ પણ કુટુંબનું ભરણપોષણ ન કરી શકે! આવી કાળઝાળ મોંઘવારી સામે લડતા આ કર્મચારીઓએ પોતાના પ્રશ્નોના ઉકેલ માટે ગાંધી ચિંધ્યો માર્ગ અપનાવ્યો હતો. કર્મચારીઓને ન્યાય મળે તે હેતુથી ગુજરાત રાજય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળે મહાત્મા ગાંધી ચિંધ્યા માર્ગે શાંત અને અહિંસક અચોકકસ મુદતનું આંદોલન ૨૫મી એપ્રિલ ૨૦૧૧થી ગાંધીનગર મુકામે શરુ કર્યું હતું જેને ૩૮૨ દિવસ થયા છતાં તંત્ર દ્વારા કોઈ પ્રત્યુત્તર મળ્યો નથી.

કર્મચારીઓની રોજી રોટી છીનવી લેવા માટે એન.જી.ઓ. દાખલ કરી હજારો કર્મચારીઓને બેકાર કર્યા છે. તેમજ વડોદરા જિલ્લાના કવાટ તાલુકો, પાવી જેતપુર તાલુકો, નસવાડી તાલુકો, છોટા ઉદેપુર તાલુકો તેમજ અન્ય તાલુકાઓમાં નવા શૈક્ષણિક સત્ર જૂન ૨૦૧૨માં અક્ષયપાત્ર નામની એન.જી.ઓ. દાખલ કરવામાં આવનાર છે. જેનાથી ચાર હજાર ઉપરાંત કર્મચારીઓ બેકાર થશે. ગુજરાત હાઈકોર્ટે લઘુત્તમ વેતન આપવાનો ચુકાદો આપ્યો છે તેમ છતાં રાજય સરકારે કોઈ અમલ કર્યો નથી. આગામી ૧૫મી મે ૨૦૧૨ના રોજ બપોરે ૧ કલાકે પથિકાશ્રમ ઉપવાસી છાવણી ઘ-૩ સર્કલ, ગાંધીનગર મુકામે મહામંડળે મહારેલીનું આયોજન કર્યું છે.

# પત્ની ચાલી જતાં પતિએ જંતુનાશક દવા ગટગટાવી

## ગીર ફાઉન્ડેશનની ઝાડીમાંથી ધમેડાના યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૦

પત્ની મુકીને ચાલી જતા લાગી આવતા તેણીના પતિએ ખેતરમાં નાંખવાની જંતુનાશક દવા પી જીવન ટૂંકાવ્યું હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

બનાવની પ્રાપ્ય માહિતી અનુસાર માણસા તાલુકાના ધમેડા ગામમાં રહેતા ૩૦ વર્ષીય મહેશજી ગાભાજી ઠાકોર ગઈ કાલે પોતાની બહેનના ઘરે માધવગઢ ગામમાં જવા નીકળ્યા હતા પરંતુ તે નિયત સ્થળે પહોંચ્યા ન હતા. આ દરમિયાન આજે સવારે શાહપુર બ્રિજથી થોડે દૂર ઈન્દ્રોડા પાસે સ્થિત ગીર ફાઉન્ડેશનની ઝાડીમાં મૃતદેહ હોવાની જાણ ફોરેસ્ટ ઓફીસર પોપટભાઈ સૈયાભાઈ ચૌધરીને જાણ કરી હતી. ડભોડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ડી.બી. આસોડીયા તેમજ જમાદાર કનુભાઈ અને ઘનશ્યામભાઈએ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મોબાઈલ મળી આવતા તેના આધારે મરનાર મહેશજીના પરીવારજનોનો સંપર્ક કરવામાં આવ્યો હતો. મહેશજીએ તેમની પત્ની ચાલી જતા લાગી આવતા ખેતરમાં નાંખવાની ઝેરી જંતુનાશક દવા ગટગટાવી પોતાનું જીવન ટૂંકાવ્યું હોવાનું પ્રાથમિક પોલીસ તપાસના અંતે માલુમ પડયું છે. ડભોડા પોલીસે આ અંગે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ ક્રાઈસીસ ગ્રૂપની બેઠકમાં તમામ કારખાનાઓનું ફાયર સેફટી ઑડીટ કરવા આદેશ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાની ડીસ્ટ્રીકટ ક્રાઈસીસ ગ્રૂપની બેઠક જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપના અધ્યક્ષ સ્થાને તા. ૯મી મે-૨૦૧૨ના રોજ જિલ્લા સેવા સદનના વિડિયો કોન્ફરન્સ હોલમાં મળી હતી.

આ બેઠકની શરૂઆતમાં ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થની કચેરી, ગાંધીનગરના ડેપ્યુટી ડાયરેકટર શ્રી જે.ડી. દેસાઈએ કલેકટરશ્રી સહિત ઉપસ્થિત સરકારી અધિકારીશ્રીઓ અને જિલ્લાની વરિષ્ઠ કંપનીઓમાંથી પધારેલ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. તેમણે જણાવ્યું હતું છેલ્લા એક વર્ષના ગાળામાં જિલ્લામાં ઔદ્યોગિક ક્ષેત્રે કોઈ મોટી આગ લાગવાની કે અન્ય -કારની ઘટના બની નથી. તેમજ જિલ્લામાં એમ.એચ -કારના ૧૭ કારખાના છે. તે ઉપરાંત એ, બી. અને સી ગ્રેડના કારખાના પણ આવેલા છે. વર્ષ દરમ્યાન યોજવામાં આવેલી મોકડ્રીલની માહિતી આપી હતી.

જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપે એમ.એચ કક્ષાના કારખાનાથી માંડીને તમામ -કારના કારખાનાઓનું સેફટી ઓડીટ કરવાનું સૂચન કર્યુહતું. કેમીકલ કે અન્ય દહન શીલ પદાર્થનો ઉપયોગ કરતા કારખાનાના માલિકોને ફાયર સેફટી ઓડીટની પત્ર દ્વારા જાણ કરવી. આ કામ પત્રમાં આપેલ સમય મર્યાદામાં પૂર્ણ કરી દેવાની પણ ખાસ તાકીદ કરવા જણાવ્યું હતું.તેમજ ફાયર સેફટીના ઓડીટ દરમ્યાન તેની જાત ચકાસણી કરવાની વાત પર પણ ખાસ ભાર મુક્યો હતો. તે ઉપરાંત કોટન જીનીગ કારખાનાઓમાં તેના માલિકોને અચાનક આગના બનતા બનાવોની અગમચેતી સાવચેતી લેવાના ભાગ રૂપે પોતાની જીનીગમાં વધુ માત્રામાં પાણી ભરી શકાય તેવી ટાંકી તેમજ અન્ય સેફટી માટે શું શું વ્યવસ્થા કરેલી હોવી જોઈએ તેની માહિતી આપવી. તેમજ કારખાનામાં લગાવેલ ફાયર સેફટીના સાધનોનો ઉપયોગ કરતા કારીગરોને આવડે તે માટે તેમને -ાથમિક ટ્રેનીગ આપવામાં આવે તેના પર ખાસ ભાર મુક્યો હતો. તેની સાથે સાથે -ટ્રોલપંપ, સીએનજી સ્ટેશન અને કેરોસીનના સ્ટોરેજ ગોડાઉનોના ફાયર સેફટીના સાધનોની પણ ચકાસણી કરવા કલેકટરશ્રીએ જણાવ્યું હતું.

તે ઉપરાંત આ બેઠકમાં કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ વિભાગની બહાર પડાયેલી નવી ગાઈડ લાઈન મુજબ જિલ્લાનો ઓફસાઈટ ઈમરજન્સી પ્લાન ફરી તૈયાર કરવા, ગ્રૂપમાં નવા સભ્યો નોમીનેટ કરવા જેવી બાબતો પર પણ વિશે ચર્ચા-વિર્મશ કરવામાં આવ્યો હતો.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સાયન્સ ટેલેન્ટ વર્કશોપનો ૧૩મીથી પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૦

વેકેશનમાં વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રત્યે રસ કેળવતા થાય અને મોડેલ રોકેટરી એરોમોડેલીંગ, સાયન્સ મેજીક, ભૌમિતિક આકારો, સાયન્સ મોડેલ મેકીંગ વગેરેથી માહિતગાર થાય તે હેતુથી તા. ૧૩મી મે-૨૦૧૨ થી ૨૦મી મે-૨૦૧૨ દરમિયાન નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સાયન્સ ટેલેન્ટ વર્કશોપ યોજાશે.

રોકેટ વિજ્ઞાનના કથા સિદ્ધાંતો પર કાર્ય કરે છે તે દર્શાવવા મોડેલ રોકેટરી વર્કશોપ, એરોમોડેલીંગ વર્કશોપ, ભૌમિતિક આકારો બનાવવાનો વર્કશોપ, એરોગામી વર્કશોપ, સાયન્સ મેજીક વર્કશોપ અને સાયન્સ મોડેલ મેકીંગ વર્કશોપ કરી વિદ્યાર્થીઓને વિજ્ઞાનના વિવિધ સિદ્ધાંતો અને નિયમો શિખવવામાં આવશે.

સાયન્સ ટેલેન્ટ વર્કશોપમાં જોડાવા માંગતા વિદ્યાર્થીઓએ નિસર્ગ સાયન્સ સેન્ટર, બ્લોક નં. ૬૧/૧, ઘ-ટાઈપ, લગ્નવાડી પાસે, સેક્ટર-૨૩, ગાંધીનગરનો સંપર્ક કરવો. આ વર્કશોપમાં ૧૦થી ૧૬ વર્ષ સુધીના બાળકો ભાગ લઈ શકશે. આ અંગેની વધુ વિગતો ફોન નં. ૨૩૨-૩૫૨૧૫ પર સંપર્ક કરવાથી મળી શકશે.

# માણસામાં સટ્ટો રમતા ચાર સટ્ટોડીયા રંગેહાથ ઝડપાયા

માણસા, તા. ૧૦

માણસામાં મુખ્ય બજારમાં આવેલા એક પાનના ગલ્લે ચાર જેટલા સટ્ટોડીયા ખુલ્લેઆમ આઈ.પી.એલ.ની મેચ ઉપર સટ્ટો રમાડતા હોવાની બાતમીના આધારે માણસા પોલીસે બાતમી સ્થળે રેડ કરી ચાર સટ્ટોડીયાઓને મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી પાડ્યા હતા અને તેમના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસસૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ માણસા શહેરમાં આવેલા મુખ્ય બજારમાં એક પાનના ગલ્લે ૪ જેટલા શખ્સો રમાઈ રહેલી આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમી રહ્યા હોવાની બાતમી માણસા પી.એસ.આઈ.ને મળતા પોલીસે બાતમી સ્થળે સ્ટાફના માણસો સાથે દરોડો પાડ્યો હતો. જેમાં સુનિલ કાનાજી દરજી, રાકેશ ભટ્ટ, મહેશ બાલચંદ્ર દરજી અને પ્રશાંત નવિનચંદ્ર સોનીને પોલીસે મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી કુલ ૧૯૦૬૦નો મુદ્દામાલ કબજે લઈ ચારેય શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર જિલ્લા કૃષિ મહોત્સવના લાયઝન અધિકારીઓની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં તાલુકા કક્ષાના સીટ વિસ્તારમાં કૃષિ મહોત્સવ યોજાઈ રહયો છે. જે અંતર્ગત આજ રોજ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપના અધ્યક્ષ સ્થાને કૃષિ મહોત્સવના લાયઝન અધિકારીશ્રીઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નક્કી થયા મુજબ હવે, કૃષિ મેળાનું બીજું સેશન જે બપોરના ૩ કલાકે શરૂ થતું હતું, તેની જગ્યાએ હવે, બપોરના ૪.૦૦ કલાકે આ સેશનના તમામ કાર્યક્રમ શરૂ થશે તેમજ રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ખેડૂતો અને ગ્રામજનોને સાંજના ૬.૩૦ કલાકે વિડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધશે.

આ બેઠકમાં કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, રાજયના મુખ્યમંત્રીશ્રી સાંજના ૭.૦૦ કલાકે રાજયના તમામ ખેડુતો-ગ્રામજનોને વિડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધતા હતા. હવેથી રાજયના મુખ્યમંત્રીશ્રી ગ્રામજનોને સાંજના ૬.૩૦ કલાકે સંબોધશે. તેમના સંબોધન બાદ કૃષિ મેળાના લાભાર્થીઓને કૃષિ, બાગાયત અને પશુપાલન કિટ્સનું વિતરણ કરવામાં આવશે. તેમજ દરેક લાયઝન અધિકારીશ્રીઓને પોતાની જવાબદારી પુરી નિષ્ઠાથી અને ગામમાં સાંજના યોજાનાર કાર્યક્રમ માટેનું એલઈડી ગામના કયાં સ્થળે ગોઠવવું તેનું યોગ્ય આયોજન કરવા યોગ્ય સૂચના આપી હતી. જેથી આ એલઈડી પર -સારિત કરવામાં આવનાર દરેક કાર્યક્રમને વિશાળ જનમેદની નિહાળી શકે.

કલેકટરશ્રીએ વધુમાં કહ્યું હતું કે, જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા બપોરના સુમારે આરોગ્યની યોજનાઓની જાણકારી, ડાયાબિટીસની ચકાસણી કેમ્પ અને અન્ય આરોગ્ય લક્ષી કાર્યક્રમ કરવામાં આવે છે. તે તમામ કાર્યક્રમ સાંજના ૪.૦૦ કલાકે શરૂ કરવા તથા આરોગ્યલક્ષીની વિવિધ યોજનાઓની જાણકારી માટે ભવાઈ જેવા કાર્યક્રમનું આયોજન કરવા જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીને સુચના આપી હતી. તેમજ કૃષિ રથ સાથે સાથે મતદારોમાં જન જાગૃતિ લાવવાના, એટીવીટી જેવી મહત્વાકાંક્ષી યોજનાઓની જાગૃતિ લાવવાની વાત પર પણ ખાસ ભાર મુક્યો હતો. તેમજ -ાંત અધિકારીશ્રીઓને અને મામલતદારશ્રીઓને કૃષિ મહોત્સવ અંતર્ગત તુમાર, વિધવા પેન્શન, નોંધો અને વરસાઈ જેવા કામો કે સ્થળ પર નિરાકરણ કરી શકાય છે. તેવાં કામો પણ કરવાની બાબત ભારપૂર્વક કહી હતી.

# તું કાયમી સંગાથ છે, તું મૈત્રી છે...

## સંબંધ સજાવે જિંદગી

## બહેન જેવી બહેનપણી

- જય ઓઝા

gsrelation@yahoo.com

આજે આ કોલમમાં બે બહેનપણીઓની વાત કરવી છે. આપણે બહેન જેવી બહેનપણી કહી શકીએ. ઉષાબેન ઓઝા અને કુસુમબેન રાજગુરૂ. આ બંને બહેનપણીઓ ભાવનગરની માજીરાજ સ્કૂલમાં ધોરણ- ૮થી સાથે છે. ૧૯૫૮થી તેમની મિત્રતાનો સૂર્ય ઊગ્યો તો સાથે આજે ૨૦૧૨માં પણ તેમની મિત્રતાનો સૂર્ય મધ્યાહને છે.

જયારે ઉષાબેન ત્રિવેદી (લગ્ન પહેલા) હતા અને કુસુમબેન જોશી (લગ્ન પહેલા) હતા. તે વખતથી આજે ઓઝા અને રાજગુરૂ બન્યા પછી ૫૩ વર્ષથી આ બંને બહેનપણીઓએ મિત્રતાની સુવાસ ટકાવી રાખી છે. જો કે આનુ શ્રેય બંને સખીઓ તેમના પતિઓને આપે છે. કારણ કે મોટેભાગે લગ્ન પછી સ્ત્રીનું જીવન મહદઅંશે બદલાઈ જતું હોય છે. તેવા સંજોગોમાં પણ તેમના જીવનમાં મિત્રતા અતૂટ રહી તેમાં બંનેના ભરથારનો સંપૂર્ણ સહયોગ છે.

એક સાથે અડધા દાયકાને ફલેશ બેકમાં યાદ કરતાં બંને સખીઓ હર્ષાશ્રુ સાથે અનેક પ્રસંગોની ઝડી વરસાવી દે છે.

તે સમયે ભાવનગરથી ખોડીયાર (માતાજીનું સ્થાનક)જવા માટે દર રવિવારે ખાસ મીની ટ્રેન ઉપડતી, જેને લાપસી ગાડી તરીકે ઓળખવામાં આવતી. કારણે કે, ખોડીયાર મંદિરે બધાની લાપશી ધરાવવાની બાધા રહેતી અને ટ્રેનમાં બેઠેલ દરેક વ્યક્તિ લાપસી લઈને જ બેઠો હોય. મહિનામાં એકાદ રવિવાર તો ચોક્કસ આ બંને સખીઓ તેમના વિશાળ સખીવૃંદ સાથે લાપસી ગાડીમાં અંતકડી રમતા કે પાચીકા રમતા ખોડીયાર જતા. ખિસ્સા ખર્ચીના આના-બે આના ( તે સમયના) મળતા, તે બચાવીને ચાલતા ચાલતા સ્કૂલે જઈને બચેલા પૈસાના સીંગ- રેવડી લઈને પોતાની અલગારી અલ્લડ પણે હસતાં હસાવતા રસ્તો કાપતાં ખોડીયાર જવા માટે 'લાપસી ગાડી' પકડવામાં મોડું થતું હતું. એટલે બધી બહેનપણીઓએ ભેગા થઈને નિર્ણય કર્યો કે રસ્તા પરથી જતી કોઈ પણ



ગાડીને ઉભી રાખીને લિફ્ટ માગવી... અને એક ગાડી ઊભી પણ રાખી પરંતુ, કારમાં ફકત એક જ પુરુષ હતો તે જોઈને ઊભી રાખેલી કારમાં કોઈ બેઠું નહીં અને ઊંધી દિશામાં ભાગવા લાગ્યા. મજાની વાત એ થઈ કે બીજા દિવસે આ સખીવૃંદમાંની એક સખીને જોવા માટે તે જ કારવાળો છોકરો આવ્યો. આવી નિર્દોષ અને અલ્લડ મિત્રતા કોને મળે!

કુસુમબેન બી.એ. કરતા હતા, ત્યારે જ તેમના લગ્ન થઈ ગયા અને કોલેજના છેલ્લા વર્ષમાં તો તેમના એક દીકરી પણ આવી દઈ તે સમયે બી.એ.નો તેમનો અભ્યાસ અધૂરો ન રહે તે માટે ઉષાબેને તથા કોલેજના બીજા પ્રોફેસરો દ્વારા ઘણા પ્રયત્નો પછી કુસુમબહેને સ્નાતક વર્ષ પુરું કર્યું.

આવી જ રીતે લગ્ન પછી ઉષાબહેને એમ.એ. કર્યું. જે સમયે દીકરીને અભ્યાસ કરવા દેવા માટે સમાજમાં નિરસતા પ્રવર્તતી હતી, તે સમયે આ બંને સખીઓએ સ્નાતક અને અનુસ્નાતક કક્ષા સુધીનો અભ્યાસ કર્યો. લગ્ન પછી બંને સખીઓના સરનામા બદલાતા રહ્યા પરંતુ તેમના હૃદય હજી સુધી એકમેક સાથે જોડાયેલા છે. ઉષાબેન ભાવનગરથી જામનગર અને હવે ૩૦ વર્ષથી ગાંધીનગરમાં સ્થાયી થયા છે. તો કુસુમ બહેન તો વળી, વડોદરા, સેલવાસ, અમદાવાદ, નાઈજિરીયા અને અત્યારે સુરતમાં રહે છે.

આજે સામાન્ય રીતે મિત્રો એકબીજાને ચાર રસ્તે અથવા હોટલે કે ચાની લારીએ મળીને છૂટા પડે છે. ઘરે આવે તો પણ બાઈકનું હોન મારીને મિત્રને બહાર બોલાવીને કામ પતાવે છે. તેવા સમયે બે મિત્રો મળે છે. પરંતુ બે પરિવાર મળતા નથી.

આવા સંજોગોમાં બંને બહેનપણીઓ અને તેમના પરિવાર આજે ૫૩-૫૪ વર્ષની એકમેક સાથે અતૂટ પણે જોડાઈ રહ્યા છે. બહેન જેવી બહેનપણીઓ આજે તો નાની અને દાદી બની ગયા છે. પરંતુ, બંને બહેનપણીઓ આજે પણ ભેગા મળે ત્યારે ઉસલી અને કુસલી કરતી ૧૩-૧૪ વર્ષની થઈ જાય છે. ઈશ્વર તેમની મૈત્રીની આ સુવાસ આજીવન ટકાવી રાખે તેવી અભ્યર્થના

## અખિલ ગુજરાત વિકાસશીલ મહિલા સેવા સમાજની ૧૩મીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

અખિલ ગુજરાત વિકાસશીલ મહિલા સેવા સમાજ, ગાંધીનગરના પ્રમુખ ગોમતીબેન પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગરના આજીવન સભાસદોની સને-૨૦૧૧-૧૨ના વર્ષની વાર્ષિક સાધારણસભા તા. ૧૩મી મે-૨૦૧૨ને રવિવારે બપોરે ૩ કલાકે ટ્રસ્ટની રજિ. ઓફિસ પ્લોટ નં. ૧૭૫૭/૨, સેક્ટર-૨-ડી ગાંધીનગર ખાતે યોજાશે. અખિલ ગુજરાત વિકાસશીલ મહિલા સેવા સમાજની બેઠક નિયત એજન્ડા માટે રાખવામાં આવી છે. તો આ વાર્ષિક સાધારણ સભામાં સર્વે આજીવન સભાસદોને સમયસર હાજર રહેવા ખાસ જણાવવામાં આવ્યું છે.

## પીએચડી થયા

સર્વ શિક્ષા અભિયાન પ્રાંતિજ ખાતે બી.આર.પી. ભાષા વિષય




નિષ્ણાત તરીકે ફરજ બજાવતા ભૂમિકાબેન રવીન્દ્રકુમાર રાવલે તાજેતરમાં 'વિશિષ્ટ મહાકાવ્યેષુ માનવ ધર્મસ્ય નિરુપણમ્' વિષય પર મહાશોધ નિબંધ રજૂ કર્યો હતો. જેને સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. ભૂમિકાબેન રાવલને મહાશોધ નિબંધ રજૂ કરવા માટે ડૉ. રશ્મિબહેન મહેતાએ જરૂરી માર્ગદર્શન પુરુ પાડ્યું હતું.

## સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં બાળ યુવા પ્રવૃત્તિ અને સામાજિક સેવા કરનારા તુષારભાઈ



દવે, હેમંતભાઈ અને જતનિભાઈ દવેના પિતા જગદિશચંદ્ર શંકરલાલ દવેનો ૫મી મે ૨૦૧૨ના રોજ સ્વર્ગવાસ થયો છે. અધ્યાત્મિક પ્રવૃત્તિ અને સમાજ સેવાની ભાવના સતત મનમાં રાખનાર જગદિશચંદ્ર દવેના સ્વર્ગવાસથી તેમના કુટુંબીજનો અને સ્નેહી-સગાઓમાં ઘેરા દુ:ખની લાગણી જન્મી છે. સ્વર્ગસ્થના આત્માની શાંતિ અર્થે આજે તા. ૧૧મી મે ૨૦૧૨ને શુક્રવારે સવારે ૯થી સાંજે ૪ વાગ્યા દરમિયાન પ્લોટ નં. ૨૪૨/૨, સેકટર-૩-એ ન્યૂ-ગ રોડ, શિવશકિત મંદિર પાસે, ગાંધીનગર ખાતે બેસણું રાખવામાં આવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૫.૫૮

સૂર્યાસ્ત : ૦૭.૧૭

## તાપમાન

મહત્તમ : ૪૧.૬ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૨૨ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** ઈશકઝાદે : ૧૨.૧૫, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :** ઈશકઝાદે : ૧૦.૦૦
ડેનજર્સ ઈશ્ક : ૧૨.૩૦, ૩.૦૦, ૧૦.૩૦
ધ એવેન્જર (હિન્દી) : ૫.૩૦
જન્નત ૨ : ૮.૦૦

**સ્ક્રીન-૩ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૩૦, ૬.૪૫
ઈશકઝાદે : ૧.૩૦, ૪.૦૦
જન્નત -૨ : ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :** ડેનજર્સ ઈશ્ક : ૧૦.૦૦, ૫.૧૫, ૭.૪૫
જન્નત ૨ : ૧૨.૩૦, ૧૦.૧૫
ઈશકઝાદે : ૨.૪૫
વીકી ડોનર : ૩.૦૦

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ડેનજર્સ ઈશ્ક ૩-ડી(હિન્દી) :૯.૪૫,૩.૦૦, ૫.૩૦
ધ એવેન્જર (હિન્દી) : ૧૨.૧૫, ૮.૦૦, ૧૦.૪૫

**સ્ક્રીન-૨ :** જન્નત -૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૧૫, ૬.૦૦
ધ રેડ રીડેમશન (હિન્દી) : ૮.૩૦
ડેનજર્સ ઈશ્ક : ૧૦.૩૦

**સ્ક્રીન-૩ :** ઈશકઝાદે :૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫
જન્નત -૨ : ૯.૩૦

**સ્ક્રીન-૪ :** ઈશકઝાદે :૯.૧૫, ૮.૦૦, ૧૦.૪૫
ડેનજર્સ ઈશ્ક : ૧૨.૦૦
ધ રેડ રીડેમશન (હિન્દી) : ૨.૪૫, ૫.૦૦

### સૂર્યા, વાવોલ

ડેનજર્સ ઈશ્ક : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
સાથી રે સાથ ના છૂટે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### રમત-ગમત

- જીમખાના મેદાન, સેકટર-૨૧ ખાતે સવારે ૭.૩૦ કલાકથી રિલાયન્સ ઈન્ટર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ** : જ્ઞાન વૃદ્ધિ માટે સ્વાધ્યાયમાં રૂચિ વધશે. વેપાર સારો ચાલશે. અગત્યના કાર્ય પૂર્ણ થવાથી પ્રસન્નતા થશે. વિરોધીઓથી સાવધાન રહેવું.

**વૃષભ** : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓનું સમાધાન થઈ શકે છે. સંતાનને રોજગારના ક્ષેત્રમાં ઉન્નતિ મળી શકશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

**મિથુન** : ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થવાની સંભાવના છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. વેપાર અર્થે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**કર્ક** : નાણાંકીય કાર્યોમાં સંશોધનનો થઈ શકે છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકે છે. વેપારમાં રોકાણ માટે સમય સારો નથી.

**સિંહ** : દૈનિક વ્યાપાર, કૌટુંબિક માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા થઈ શકે છે. યોગ, ધર્મ, આધ્યાત્મ સંબંધિ ચિંતન તરફ તમે પ્રેરાશો.

**કન્યા** : ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ આવી શકે છે. બહારનાં ક્ષેત્રોની યાત્રા દરમ્યાન સાવધાની રાખવી હિતાવહ છે. રોગ, ઋણ સંબંધી કાર્યોમાં સંયમ રાખવો.

**તુલા** : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર-વિમર્શનો યોગ.

**વૃશ્ચિક** : નવા આર્થિક સ્રોતો પર કાર્ય થઈ શકે છે. વ્યાપારિક ભાગીદારીથી લાભ પ્રાપ્ત થશે. નોકરી -વેપાર ક્ષેત્રે આર્થિક ખોટ ઉભી ન થાય તેની તકેદારી રાખવી.

**ધન** : ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. નવા કાર્યો વિશે ગહન વિચાર કરીને આગળ વધો. વ્યપાર ક્ષેત્રે ભાગ્ય વર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મકર** : નાણાંકીય કાર્યોમાં સફળતા મેળવી શકાશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકે છે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે.

**કુંભ** : શુભ માંગલિક કાર્યનું આયોજન થઈ શકે છે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ મળી શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર -વિહાર કરવું.

**મીન** : વાહન સુખ પ્રાપ્તિનો થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા -પ્રવાસનું આયોજન થઈ શકે છે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાનો યોગ.

## ચિરવિદાય

- સ્વ. સિંહોલા રણજીતસિંહ જવાનસિંહ (ઉ. વ. ૬૬) મુ.પો. પાલજ તા., જિ. ગાંધીનગર
- સ્વ. સૂર્યકાન્તાબેન ભોગીલાલ પટેલ (ઉ. વ. ૯૫) પ્લોટ નં. ૩૬૫/૧, સેકટર-૧૨/સી, ગાંધીનગર

# લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા વિકલાંગોને ટ્રાયસિકલોનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૦

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા બનાસકાંઠા, ગાંધીનગર, અમરેલી વગેરે જિલ્લાનાં વિકલાંગ ભાઈઓ તેમજ બહેનોને ટ્રાયસિકલો અર્પણ કરાઈ હતી.

વિશિષ્ટ જિલ્લાઓમાંથી જે લોકો શારીરિક રીતે કમજોર છે. વિકલાંગ છે. તેઓને લાયન્સ કલબ દ્વારા ટ્રાયસિકલ અર્પણ કરી હતી. જેમાં મુખ્ય મહેમાન પદે મહાનગરપાલિકાના પ્રથમ મેયર મહેન્દ્રભાઈ રાણા, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પ્રવિણભાઈ પટેલ, કોર્પોરેટર અશ્વિનભાઈ વ્યાસ, ભાવના બા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પ્રમુખ વિજય કંસારાએ કરી હતી. જેમાં સ્વાગત પ્રવચન કરી સંસ્થાની વિશિષ્ટ સેવાઓની માહિતી આપી હતી.